### નરેન્દ્ર મોદી સ્ટેડિયમમાં સ્પિનરોનો દબદબો: અશ્વિને ત્રણ વિકેટ ઝડપી

# મોટેરામાં ઈંગ્લેન્ડનો ધબડકો

## ૧૧૨ રનમાં ઓલઆઉટ, અક્ષર પટેલે ૬ વિકેટ ઝડપી

અમદાવાદ,તા.૨૪ ટોસ જીતીને પ્રથમ બેટિંગ કરવા ઉતરેલી ઈંગ્લેન્ડની ટીમનો નિર્ણય ખોટો સાબિત થઈ રહ્યો છે. અમદાવાદના મોટેરા સ્ટેડિયમમાં પોતાની ૧૦૦મી ટેસ્ટ રમી રહેલા ઈશાંત શર્માએ ઈંગ્લેન્ડને પહેલો ઝટકો આપતા ડોમિનિક સિબ્લીને શૂન્ય રને પેવેલિયન ભેગો કર્યો હતો. ત્રીજી ઓવરની પહેલી બોલ પર આ વિકેટ પડી હતી. સીબ્લી આઉટ થયા બાદ બેટિંગમાં આવેલો બેયરસ્ટો પણ વિકેટ પર ટકી શક્યો ન હતો અને તે અક્ષર પટેલનો શિકાર બન્યો હતો. અશ્વિન અને અક્ષર પટેલની ફિરકીમાં ઈંગેન્ડના મોટાભાગના ખેલાડીઓ મુંઝવણમાં મૂકાયા બાદ એક બાદ એક આઉટ થઈ પવેલિયન ભેગા થઈ રહ્યા




હતા.

મેચ દરમિયાન માત્ર ૮૧ રનના સ્કોર પર ઈંગ્લેન્ડની અડધી ટીમ પેવેલિય ભેગી થઈ ગઈ હતી.

ગુજરાતી બોલર અક્ષર પટેલની બોલિંગનો અંગ્રજ ખેલાડીઓ સામનો કરી શક્યા ન હતા. અક્ષર પટેલે મેચમાં ૬ વિકેટ લીધી હતી ત્યાં જ રવિચંદ્રન અશ્વિને ૩ વિકેટ અને ઈશાંત શર્માએ એક વિકેટ પોતાના નામે કરી છે. ડે-નાઈટ ટેસ્ટ મેચના પ્રથમ દિવસે જ ઈંગ્લેન્ડની આખી ટીમમાત્ર ૧૧૨ રનમાં સમેટાઈ ગઈ હતી. આમ ટીમ ઈન્ડિયાના સ્પિનરોએ ઈંગ્લેન્ડની આખી ટીમને માત્ર પોણા ચાર કલાકમાં જ પેવેલિયન ભેગી કરી દીધી હતી. અક્ષર પટેલે પોતાની સ્પિન બોલિંગથી શાનદાર પ્રદર્શન કરતા સતત બીજી ટેસ્ટ મેચમાં પાંચ વિકેટ લીધી હતી.

ઈંગ્લેન્ડનો એક માત્ર ખેલાડી જેક ક્રોલી જ ૫૦ રનથી વધુ બનાવી શક્યો હતો. જેક ક્રોલીએ ૮૪ બોલમાં ૫૩ રન બનાવ્યા હતા ત્યાં જ ૭ ખેલાડીઓ તો બેકી સંખ્યામાં પણ રન બનાવી શક્યા ન હતા.

૪ ટેસ્ટ મેચની સિરીઝમાં અત્યાર સુધી બંને ટીમો એક-એકથી બરાબર છે. ભારત અને ઈંગ્લેન્ડ વચ્ચે મોટેરા ગ્રાઉન્ડ પર ૨ ટેસ્ટ મેચ રમાઈ છે, જેમાં એક મેચમાં ભારતને જીત અને એક ટેસ્ટ મેચ ડ્રો રહી હતી. શ્રેણીની બીજી ટેસ્ટ મેચ ભારતીય ટીમ જીતવામાં સફળ રહી હતી, જ્યારે શ્રેણીની પ્રથમ ટેસ્ટ મેચ ઈંગ્લેન્ડની ટીમે જીતી હતી. આ ટેસ્ટ સિરીઝ બંને ટીમો માટે વર્લ્ડ ટેસ્ટ ચેમ્પિયનશીપની ફાઈનલમાં પહોંચવા માટે ખૂબ જ મહત્વપૂર્ણ છે. જણાવી દઈએ કે ન્યૂઝીલેન્ડની ટીમ પહેલાથી જ ટેસ્ટ ચેમ્પિયનશીપની ફાઈનલમાં પહોંચી ગઈ છે.

### સમાચાર રફ્તાર

- કેનેડા અને બ્રિટન બાદ જાપાને પણ એકલતાની સમસ્યા નિવારવા અલગ મંત્રાલયની રચના કરી.
- સર્વોચ્ચ અદાલતે એક વોર્ડ એક પ્રતિનિધિની માંગણી રદ કરી.
- સરદાર પટેલ સ્ટેડિયમનુ નામ બદલવા સામે કોંગ્રેસનો વિરોધ.
- જમ્મુ-કાશ્મીરના અનંતનાગ વિસ્તારમાં સેના-પોલીસના ઓપરેશન દરમ્યાન ચાર આતંકી ઠાર.
- પશ્ચિમ બંગાળમાં ટીએમસીના કાર્યકરોના બે જૂથ વચ્ચે અથડામણ એકનુ મોત, ત્રણને ઈજા.
- પ્રદેશ કોંગ્રેસ પ્રમુખપદ અને વિરોધ પક્ષના નેતા સહિત અનેક પદાધિકારીઓના રાજીનામાની તૈયારી.
- બેંકોના ખાનગીકરણ સામે ૧૫ માર્ચથી બે દિવસીય હડતાલ.
- ગુજરાત સહિત સાત રાજ્યોમાં વધતા કોરોનાના કેસ સંદર્ભે હાઈલેવલ ટીમ મુલાકાત લેશે.
- કેરળ-મહારાષ્ટ્ર અને પંજાબમાં કોરોનાના નવા સ્ટ્રેનનો પગ પેસારો.
- શિરડી સાંઈ મંદિર હવે સવારે ૬ થી સાંજે ૯ સુધી ખુલ્લુ રહેશે.
- ગુજરાતના નિવૃત્ત ડીજીપી ચિતરંજન સિંગનું ચંદીગઢ ખાતે નિધન થયુ.
- યમુના એક્સપ્રેસ વે પર ટેન્કરે ઈનોવાને ટક્કર મારતા સાતના મોત.
- સાંસદ મોહન ડેલકરની સ્યુસાઈડ નોટ જાહેર કરવા ધારાસભ્ય છોટુ વસાવાની માંગ.
- સોમવારથી ૬૦ વર્ષથી વધુ વયના નાગરિકોને કોરોના વેક્સિન આપવાની કામગીરી આરંભાશે.
- પુંડુચેરીમાં રાષ્ટ્રપતિ શાસનને કેન્દ્રિય કેબીનેટની મંજૂરી.
- જાણીતા ક્રિકેટ મનોજ તિવારી ટીએમસીમાં જોડાયા.

## સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણી શાંતિપૂર્ણ માહોલમાં સંપન્ન થાય તે માટે જિલ્લા વહીવટી તંત્ર સજ્જ

હિંમતનગર, તા.૨૪ સાબરકાંઠા જિલ્લામાં આગામી ૨૮ ફેબ્રુઆરીએ યોજાનાર સ્થાનિક સ્વરાજ્યની સંસ્થા તાલુકા નગરપાલિકા તાલુકા પંચાયત જિલ્લા પંચાયતની સામાન્ય ચૂંટણી-૨૦૨૧ યોજાવા




જઈ રહી છે. ત્યારે જિલ્લા કલેકટર ડૉ. રાજેન્દ્ર પટેલ દ્વારા પ્રેસ કોન્ફરન્સનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં જિલ્લા પોલીસ વડા નિરજ બડગુજર અને સાબરકાંઠા જિલ્લા ચૂંટણી નિરીક્ષક બી.એમ. પ્રજાપતિ અને અધિક કલેકટર એચ.આર.મોદી, નાયબ માહિતી નિયામક અરવિંદ મછાર, જિલ્લા આરોગ્ય અધિકારી ડૉ.રાજેશ પટેલ અને પ્રિન્ટ અને ઈલેકટ્રોનિક મિડીયાના કર્મીઓ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા અને ચૂંટણી સંદર્ભમાં કરવામાં આવેલી કામગીરી અંગે વિગતો મેળવી હતી અને ખૂટતી માહિતી અંગે પૃચ્છા કરીને માહિતી મેળવી હતી.

આ પ્રેસ કોન્ફરન્સમાં જિલ્લા કલેકટર ડૉ. રાજેન્દ્ર પટેલે મતદારોને પ્રજાજોગ સંદેશો આપતા જણાવ્યું હતું કે, મતદાનના દિવસે જિલ્લાના મતદાર ભાઈ-બહેનો ઉત્સાહભેર ભાગ લઈ મોટી સંખ્યામાં મતદાન કરે, ભય કે ડર રાખ્યા વિના લોકશાહિ પર્વને ઉજવે કોઈપણ પ્રકારના પ્રભાવથી પ્રભાવિત વિના નિર્ભય રીતે મતદાન કરે આ વખતે કોવિડ-૧૯ની ગાઈડ લાઈનનું પણ ચુસ્ત પાલન કરવાનું છે. આ માટે વહિવટીતંત્ર દ્વારા ચૂંટણી સંદર્ભે સંપૂર્ણ તૈયારીઓ કરી લીધી છે. અને ચુંટણી મુક્ત રીતે કરવા વહિવટી તંત્ર સજજ છે. મતદાન-મતગણતરી માટેની સંપૂર્ણ તૈયારીઓને આખરી ઓપ આપી દેવામાં આવ્યો છે. અને કાયદો વ્યવસ્થાની પુરતી વ્યવસ્થા ગોઠવાઈ ગઈ છે. કયાંય તૃષ્ટી રહી હોય તો તંત્રનું ધ્યાન દોરવા પણ સૂચન કર્યુ હતું.

આ પ્રસંગે જિલ્લા પોલીસ વડા નિરજ બડગુજર દ્વારા જિલ્લામાં ચૂંટણી સંદર્ભે કાયદો વ્યવસ્થા નિભાવવા પોલીસ, હોમગાર્ડ અને ફોર્સની પુરતી વ્યવસ્થા કરી લેવામાં આવી છે. અને ફેલગમાર્ચ પણ કરવામાં આવી છે. અને રીઝર્વ ફોર્સ પણ તૈયાર કરવામાં આવ્યું છે. આદર્શ આચારસંહિતાનો અમલ કરવામાં આવે છે અને અટકાયતી પગલા પણ ભરવામાં આવ્યા છે. ૫૯૦૦ વિરુધ્ધ અટકાયતી તથા ૨૧ તડીપાર અને ૪ લોકોને પાસાના દરખાસ્ત કરેલ છે. સાથે સાથે સંવેદનશીલ અને અતિસંવેદનશીલ મતદાન મથકોની પોલીસ દ્વારા મુલાકાત લેવામાં આવી છે. અને લોકો સાથે મીટીંગ પણ કરવામાં આવી છે. અને ફૂટ પેટ્રોલિંગની પણ વ્યવસ્થા કરાઈ છે. સ્થાનિક લોકોને વિશ્વાસમાં લેવામાં આવ્યા છે.

## દિલ્હીના મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલ સુરતમાં આવશે



ગુજરાતમાં જે રીતે મતદાન થયું હતું ત્યારે તમામ પક્ષો ચિંતામાં આવી ગયા હતા પરંતુ જ્યારે પરિણામ આવ્યું ત્યારે સૌથી મોટું નુકસાન કોંગ્રેસને થયું હોવાનું સામે આવ્યું. સુરતમાં આપએ ૨૭ બેઠકો જીતી લીધી છે. કોંગ્રેસને પછાડીને આપ આગળ નીકળી ગયું છે અને બીજા નંબરનો સૌથી મોટો પક્ષ બનીને વિરોધ પક્ષ તરીકે સુરત મ્યુનિસિપલ કોર્પોરેશનમાં બેસશે. તો બીજી તરફ ગુજરાતમાં આપની એન્ટ્રી થતા દિલ્હીના મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલે ૨૬મી ફેબ્રુઆરીએ ગુજરાતના પ્રવાસે આવવાની વાત કરી છે. અહીં તેઓ એક રોડ શોમાં ભાગ લેવાના છે. અરવિંદ કેજરીવાલે ટ્વિટ કરીને એક વીડિયો શેર કર્યો છે, જેમાં તેમણે જણાવ્યું કે, હું ગુજરાતના લોકોનો આભાર માનુ છું, ખાસ કરીને સુરતમાં સવા સો વર્ષ જૂની કોંગ્રેસ પાર્ટીને હરાવીને એક મુખ્ય વિરોધ પક્ષ તરીકે બેસવાની જવાબદારી સોંપી છે. ગુજરાતે એક નવા રાજકારણની શરુઆત કરી છે- પ્રામાણિક રાજકારણ, કામનું રાજકારણ, સારી સ્કૂલોનું રાજકારણ, સસ્તી અને ૨૪ કલાક વીજળીનું રાજકારણ, સારી હોસ્પિટલનું રાજકાણ. આપણે સાથે મળીને ગુજરાતને આગળ લાવીશું. હું ૨૬ ફેબ્રુઆરીએ સુરત આવી રહ્યો છું, આપને મળવા માટે, વ્યક્તિગત રીતે તમારો આભાર માનવા માટે. તો સુરતમાં મળીએ. કેજરીવાલે વીડિયો મેસેજ દ્વારા ગુજરાતના સુરતમાં આવવાની જાહેરાત કરી છે, આ સાથે વીડિયોમાં તેમણે અંતમાં ગુજરાતી ભાષામાં એમ પણ કહ્યું છે. ગુજરાતના લોકોને અમારો દિલથી ખુબ-ખુબ આભાર. એક અન્ય ટ્વીટમાં કેજરીવાલે લખ્યું છે કે, ગુજરાતની સ્થાનિક સ્વરાજની ચૂંટણીમાં આપએ શાનદાર પ્રદર્શન કર્યું છે.

## અરવલ્લી ખાણખનીજ વિભાગના ખનીજ માફિયાઓ પર ચાર હાથ...!!

### મોડાસા મામલતદારે હજીરામાંથી ત્રણ ઓવરલોડ ખનીજ વહન કરતા વાહનો ઝડપ્યા

અરવલ્લી જીલ્લા ખાણખનીજ વિભાગની ધુતરાષ્ટ્ર નીતિના પગલે ખનીજ માફિયાઓ બેફામ બન્યા છે જીલ્લામાંથી ખનીજનું બિન્દાસ્ત ખનન અને




વહન વાહનો મારફતે થઈ રહ્યું છે જીલ્લાના માર્ગો પર રોયલ્ટી પાસ વગર તેમજ ઓવરલોડ ખનીજ ભરી વહન કરનારા સરકારી તિજોરીને મહિને દહાડે લાખ્ખો રૂપિયાનું નુકશાન પહોંચાડી રહ્યા છે જીલ્લામાં બેફામ ખનીજ વહન કરતા ખનીજ માફિયાઓને જીલ્લા ખાણખનીજ વિભાગમાં ફરજ બજાવતા કેટલાક ભ્રષ્ટ કર્મીઓનું રક્ષણ હોવાની બૂમો ઉઠી રહી છે ત્યારે મોડાસા મમલતદારે હજીરા વિસ્તારમાંથી પસાર થતી ઓવરલોડ ખનીજ ભરેલ ટ્રક અને બે ડમ્પર ઝડપી પાડી કાયદેસરની કાર્યવાહી કરતા ખનીજ માફિયાઓમાં ફફડાટ ફેલાયો છે મોડાસા મામલતદારની કામગીરી થી જીલ્લા ખનીજ કચેરીની કામગીરી સામે અનેક સવાલો પેદા થયા છે ત્યારે જીલ્લા કલેકટર જીલ્લા ખનીજ તંત્રની આળસ ખંખેર તેવી લોકમાંગ પ્રબળ બની છે.

મોડાસા મામલતદાર અરુણદાન ગઢવી અને તેમની ટીમ મંગળવારે મોડી રાત્રે મોડાસા હજીરા વિસ્તારમાંથી સઘન ચેકીંગ હાથધરી સાદી રેતી ભરેલી ટ્રક અને બે ડમ્પરમાં ઓવરલોડ સાદી રેતીનું વહન થતું હોવાનું જણાઈ આવતા ટ્રક અને બે ડમ્પરને અટકાવી રોયલ્ટી પાસ માંગતા પાસમાં દર્શાવ્યા કરતા વધુ જથ્થો જણાઈ આવતા બને ડમ્પર અને ટ્રકને જપ્ત કરી ખાણખનીજ વિભાગને જાણ કરી ત્રણે ઓવરલોડ વાહનો સામે દંડાત્મક અને કાયદેસરની કાર્યવાહી કરવા માટે પત્ર લખી જાણ કરી હતી ખાણખનીજ વિભાગે ત્રણે ઓવરલોડ વાહનો સામે દંડાત્મક કાર્યવાહી હાથધરી હોવાની માહીતી પ્રાપ્ત થઈ હતી.

## વડગામના ટીમ્બાચુડી ગામના યુવકે પ્રેમિકાના ત્રાસથી જીવન દોરી ટૂંકાવી

વડગામ તાલુકાના ટીમ્બાચુડી ગામે યુવકના આપઘાત કેસમાં તેની પ્રેમિકા સામે પોલીસ ફરીયાદ નોંધાઈ છે. ગત ?૧૯ ફેબ્રુઆરીએ સ્થાનિક યુવકે દવા પી લીધા બાદ સારવાર અર્થે પહોંચે તે પહેલાં જ તેનું મોત થયુ હતુ. જે બાદમાં પરિવારે તપાસ કરતાં તેની પ્રેમિકા તેને લગ્ન માટે દબાણ કરતી હોવાનું ખુલ્યુ હતુ. આ સાથે મૃતકનો મોબાઈલ ચેક કરતાં તેના મેસેજ અને કોલ રેકોર્ડિંગમાં પણ યુવક મરવાની વાત કરી રહ્યો હતો. જેને લઈ મૃતકના પરિજને યુવતિ સામે પાલનપુર તાલુકા પોલીસ મથકે ફરીયાદ નોંધાવી છે.

બનાસકાંઠા જીલ્લાના વડગામ તાલુકાના ટીંબાચુડી ગામના આશિષકુમાર બાબુલાલ ભાટીયાએ ગત તા.૧૯ ફેબ્રુઆરીએ હોટલમાં ઝેરી દવા પી લીધી હતી. જે બાદમાં સારવાર પહેલાં જ તેમનું મોત થયુ હતુ. જેને લઈ પરિવારજનોએ પોતાની રીતે તપાસ કરતાં ચોંકાવનારી વિગતો બહાર આવી હતી. મૃતક યુવક આશિષને વડગામના મેમદપુર ગામની નેહાબેન ચેલાભાઈ પરમાર સાથે પ્રેમસંબંધ હોવાનું ખુલ્યુ હતુ. જે બાદમાં મૃતક આશિષને નેહા લગ્ન કરવા દબાણ કરતી હતી. જે બાબતે આશિષનો મોબાઈલ ચેક કરતાં પરિવારને તેના કોલ રેકોર્ડીંગ પણ મળ્યા હતા.

## ઘોડનાલની સગીરાનું અપહરણ

બાયડ તાલુકાના ઘોડનાલ ગામના એક પરિવારની સગીરાને પ્રેમસબંધોમાં બાંધી બિહારના સીતામઢી જિલ્લાનો રત્નેશ સુરેશભાઈ ઠાકુર અપહરણ કરી ભગાડી જતાં પોલીસ ફરિયાદ થઈ છે. બનાવ અંગે આંબલિયારા પોલીસે અપહરણ તેમજ પોક્સોનો ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

તાલુકાના ઘોડનાલમાં પરપ્રાંતિય યુવાને સ્થાનિક સગીરા સાથે પ્રેમસબંધ કેળવ્યા હતા જેમાં સગીરાના કુમળા માનસનો ફાયદો ઉઠાવી લગ્ન કરવાની લાલચ આપવાના આશય સાથે તા.૧૫ ના રોજ પરપ્રાંતિય યુવાન તેણીનું અપહરણ કરી ભગાડી ગયો હતો.

## ઈડરમાં મહેસાણાની એફ.એક્સ.બુલ્સ વેલ્થ મેનેજમેન્ટ કંપની સામે ચૌદ લાખની છેતરપીંડીની ફરિયાદ નોંધાઈ

ઈડર તા.૨૪ ઈડર ના બાલાજી કોમ્પ્લેક્ષ આવેલ ટ્યૂશન કલાસીસ ના માલિકે મહેસાણા ની એફ.એક્સ.બ્લ્યૂ. વેલ્થ મેનેજમેન્ટ કંપનીમાં ઝડપી ફાયદો લેવાની લાલચે બે વ્યક્તિઓ ધ્વરા ૧૮ લાખ રૂપિયા જેટલું રોકાણ કરી વાયદા પ્રમાણે રકમ પરત ન મળતા કંપની ના બે ડીરેક્ટરો સામે ચૌદ લાખ ની છેતરપીંડી ની ફરિયાદ નોંધાવી છે.

આ અંગે ઈડર પોલીસ સ્ટેશનમાં નોંધાયેલ ફરિયાદ મુજબ ઈડર તાલુકાના શેરપુર ગામના વતની અને ઈડર બાલાજી કોમ્પ્લેક્ષ માં સ્માર્ટ ઈન્સ્ટિટ્યૂટ ટ્યુશન કલાસીસ ચલાવતા સંકેતકુમાર ભગાભાઈ પટેલે ૨૦૧૯ ના વર્ષમાં પોતાના મિત્ર અને શિક્ષક તરીકે નોકરી કરતા મયુર પરમારના કહેવાથી મહેસાણા ની એફ.એક્સ.બ્લ્યૂ .વેલ્થ મેનેજમેન્ટ કંપનીનો ઈડર નજીક ની હોટલમાં યોજાયેલ સેમિનાર માં ભાગ લઈ કંપની ની રોકાણ કરવાની વિવિધ સ્કીમોની જેવી કે ય.એસ.ડી.એટલે કે ડોલર માં રોકાણ તથા વિદેશો માં ટ્રેડિંગ ,જમીનો માં રોકાણ વગેરે સ્કીમોની લાલચ માં આવી જઈ ને પોતાના અને પોતાની માસીના છોકરા પટેલ દીપકકુમાર મનહર ભાઈ રહે.તેજપુર તા.હિંમ્મત નગર એ ૧૮ લાખ જેટલી રકમનું રોકાણ કરી કંપની ના પ્લાન પ્રમાણે રોકાણ કરેલ જે રોકાણ શરૂઆત માં ૪ લાખ જેટલી રકમ બન્નેન ખાતા માં જમા આપેલ અને કહેલ કે તમારા રોકાણ નું અન્ય જગ્યાએ રોકાણ થયેલ છે અને કંપનીના એમ. ઑ. યુ.પ્રમાણે પૈસા પરત મરશે પરંતુ કંપનીની શર્ત પ્રમાણે રૂપિયા શરત મુજબ પરત ન મરતા વારંવાર ઉઘરાણી કરવા છતાં પણ કંપની ના બે ડાયરેક્ટરો વધુ ઉઘરાણી કરતા જે થાય તે કરી લો પૈસા પાછા નહીં મળે જેવુ કહેતા છેતરપીંડી થયેલ હોવાનો અહેસાસ થતા ઈડર ના સ્માર્ટ ઈન્સ્ટીટયુટ ટ્યૂશન કલાસીસ ના મલિક સંકેત કુમારે કંપનીના બે ડિરેક્ટર દીક્ષિત શાંતિલાલ સુથાર ,રહે.૨૮ તિરૂપતિ સોસાયટી મહેસાણા અને પ્રદીપ સલુભાઈ ચૌધરી ,રહે ગોકળઘથ મહેસાણા વિરુદ્ધ પોલીસ ફરિયાદ નોંધાવી છે

### વાઈડનીંગનું કામ

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

વળતર પણ માર્ગ મકાન વિભાગ કક્ષાએથી ચુકવાશે. છેલ્લા સાત વર્ષથી આ માર્ગના સરફેસીંગનુ કામ હાથ ધરવામાં આવ્યુ નથી. જેના લીધે આ માર્ગ હાલ ઉબડ ખાબડ બન્યો છે. જયારે રૂટમાં આવતા ગ્રામજનો દ્વારા ગામના વિસ્તારમાંથી પસાર થતા આ મુખ્ય માર્ગને અમુક ભાગમાં ફોરલેન કરવા માટે પણ માંગણી કરવામાં આવી છે. રૂપાલ રાંધેજા અને નારદીપુર સાથે જોડાયેલા આ માર્ગ પર આમ પણ ટ્રાફિકનુ પ્રમાણ વિશેષ રહે છે. ત્યારે વર્ષોના અંતે માર્ગનુ રીસરફેસીંગ પણ થયુ નથી જેના લીધે હાલ આ રસ્તો બિસ્માર હાલતમાં છે. આવા સંજોગોમાં ટ્રાફિકની સ્થિતિને ધ્યાનમાં રાખી માર્ગ સલામતીના પરિબળોને યોગ્ય કરવા આ માર્ગને ૭ માંથી ૧૦ મીટર પહોળો કરવા માટે આયોજન કરવામાં આવ્યુ છે. હાલ માર્ગનુ મેટલ કામ ચાલુ છે જયારે આગામી દિવસોમાં ડામર કામ પણ શરૂ કરી દેવાશે. કોરોના કાળ વચ્ચે માર્ગનુ કામ શરૂ કરાયા બાદ હજુ સુધી આ કામગીરીમાં ઝડપ આવી નથી જયારે વૃક્ષોની કટોતી મામલે પણ મંજુરીની પ્રક્રીયાના લીધે પ્રોજેકટની કામગીરી વિલંબમાં પડી છે.

### વાઈડનીંગનું કામ

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

આજે સે. ૨૬, ૩, ૭, ૨ અને સે. ૪ માંથી કેસ મળી આવેલ છે. શહેરના સંવેદનશીલ વિસ્તારો જે કોરોના માટે હતા ત્યાંથી પુનઃ કેસ મળવાના શરૂ થયા હોવાથી તંત્રની ચિંતા વધી છે.

શહેરમાં રિકવરી રેટ સારો હોવાનો દાવો કરતાં તંત્રના સૂત્રોએ કહ્યુ છે કે આજે વધુ ૪ દર્દીઓ રિકવર થતાં તેમને ડિસ્ચાર્જ આપવામાં આવેલ છે. શહેરમાં હાલ ૩૫ જેટલા દર્દીઓ એક્ટીવ કેસ તરીકે સારવાર હેઠળ છે.

### મોદી સ્ટેડીયમ

● અનુસંધાન પહેલાનું ચાલુ

તેમણે કહ્યું કે અત્યાર સુધી ૯૦ હજાર પ્રેક્ષકોની ક્ષમતા ધરાવતું મેલબોર્ન સ્ટેડિયમ વિશ્વ સ્તરે પ્રખ્યાત હતુ પરંતુ હવે ૧.૩૨ લાખ પ્રેક્ષકોની ક્ષમતા ધરાવતું ક્રિકેટ સ્ટેડિયમ બનવાથી આ ખ્યાતિ હવે અમદાવાદને મળશે.

કેન્દ્રીય ગૃહમંત્રી અમિતશાહે જણાવ્યું કે નરેન્દ્રભાઈ મોદી કહેતા કે જ્યાં સુધી રમત-ગમત ક્ષેત્રે યુવાનો આગળ નહીં વધે ત્યાં સુધી દેશ આગળ વધી શકશે નહી. આ પરિકલ્પનાને સાકાર કરવા જ વડાપ્રધાને ખેલો ઈન્ડિયા અને ફીટ ઈન્ડિયા અભિયાન હાથ ધર્યા છે. રમત-ગમત ક્ષેત્રે બજેટની જોગવાઈ વધારીને છેક તાલુકા અને ગામડા સુધી સુવિધાઓ વિસ્તારીને નરેન્દ્રભાઈ મોદીએ રમત-ગમતને પ્રાધાન્ય આપ્યુ છે.

આનાથી વૈશ્વિક સ્તરે રમતવીરોમાં ગુજરાતનો ખેલાડી અગ્રિમ હરોળમાં સ્થાન પામે તે દિવસ હવે દૂર નથી. એટલું જ નહીં ખેલ જગતમાં દેશના યુવાનો તેમના સ્વપ્ન સાકાર કરી ભારતનું નામ રોશન કરે તે સમયની માંગ છે એમ તેમણે ઉમેર્યુ હતુ.

કેન્દ્રીય યુવા અને રમત-ગમત મંત્રી કિરણ રિજીજુએ કહ્યું કે આજનો દિવસ ફક્ત ખેલ જગત માટે જ નહીં પરંતુ સમગ્ર દેશ માટે ઐતિહાસિક છે. આપણે પહેલા સ્વપ્ન જોતા હતાં કે વિશ્વનું સૌથી મોટુ સ્ટેડિયમ ભારતમાં ક્યારે નિર્માણ પામશે ? પરંતુ આજે હું અમદાવાદની ભૂમિ પરથી કહી શકુ છું કે વિશ્વનું સૌથી મોટું ક્રિકેટ સ્ટેડિયમ ખરા અર્થમા સાકાર થઈ ચૂક્યુ છે.

નાયબ મુખ્યમંત્રીએ કેન્દ્રીય ગૃહમંત્રી અમિતભાઈ શાહની આ ક્રિકેટ સ્ટેડિયમ નામાધિમાન માટે તેમજ અમદાવાદને અત્યાધુનિક સુવિધાઓ ધરાવતા સરદાર પટેલ સ્પોર્ટસ સંકુલ સહિતની મંજૂરી આપવા બદલ ગુજરાતની જનતા વતી ઉપસ્થિત જનતાને સ્ટેન્ડિંગ ઓવેશન આપી આભાર પ્રગટ કર્યો હતો.

ગુજરાત રાજયના મુખ્ય સચિવ અનિલ મુકિમે સ્વાગત પ્રવચન કરતાં કહ્યું કે વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીનું સ્વપ્ન છે કે ભારતનું નામ વિશ્વના રમત-ગમત ઈતિહાસમાં સૂવર્ણ અક્ષરે રેખાંકિત થાય તે સ્વપ્નને સિધ્ધ કરવાં વિશ્વનું સૌથી મોટુ ક્રિકેટ સ્ટેડિયમ અમદાવાદમાં આકાર પામ્યુ છે.

આ પ્રસંગે ભારત દેશે મેળવેલ રમત-ગમત સિધ્ધીઓની તથા સ્પોર્ટ્સ એક્લેવ અને ક્રિકેટ સ્ટેડિયમની વિશેષતાઓ દર્શાવતી દ્રશ્ય-શ્રાવ્ય પ્રસ્તુતિ રજૂ કરવામાં આવી હતી.

આજના પ્રસંગે રાજયપાલ શ્રી આચાર્ય દેવવ્રત, સાંસદ પરિમલભાઈ નથવાણી, બી.સી.સી.આઈ.ના સચિવ જય શાહ, જી.સી.એ.ના ઉપપ્રમુખ ધનરાજભાઈ નથવાણી, રાષ્ટ્રપતિશ્રીના ધર્મપત્ની સવિતા કોવિંદ અને ખેલ જગતના નામાંકિત ખેલાડીઓ, પદાધિકારીઓ-અધિકારીઓ તેમજ અમદાવાદના નગરજનો ઉપસ્થિત રહ્યા હતા.

### બીજો તબક્કો

● અનુસંધાન પહેલાનું ચાલુ

કરી દેવામાં આવી કારણ કે તેઓ વધુ જોખમી છે. રસીકરણનું પ્રમાણપત્ર કોવિન અને ડિજિલોકર જેવા સરકારી પ્લેટફોર્મ પર ઉપલબ્ધ રહેશે.

એક સત્તાવાર સૂત્રએ જણાવ્યું હતું કે, આગામી તબક્કામાં સરકારની દરરોજ ૫૦ હજાર લોકોને રસી આપવાની યોજના છે. આજ સુધીમાં દેશભરમાં ૧.૦૭ કરોડ આરોગ્ય કર્મચારીઓ અને ફ્રન્ટલાઈન કામદારો રસી અપાઈ છે. સૂત્રએ જણાવ્યું હતું કે આગામી તબક્કામાં આશરે ૪૦થી ૫૦ ટકા રસીકરણ ખાનગી ક્ષેત્ર દ્વારા કરવામાં આવશે. ગુજરાત, મધ્યપ્રદેશ, રાજસ્થાન અને કેન્દ્રશાસિત પ્રદેશો લક્ષદ્વીપમાં ૭૫ ટકાથી વધુ આરોગ્ય અને આગળના કામદારો રસી અપાઈ છે. કેન્દ્ર સરકારે રાજ્યોને કોરોના રસીકરણની ગતિ વધારવા જણાવ્યું છે.

### કેન્દ્રની મંજૂરી

● અનુસંધાન પહેલાનું ચાલુ

કરવાની ભલામણ કરતા કેન્દ્રિય મંત્રીમંડળે મંજૂરી આપી અને હવે રાષ્ટ્રપતિની મંજૂરી પછી ત્યાં વિધાનસભા ભંગ કરવામાં આવશે. આ સાથે તેમણે એમ પણ જણાવ્યું હતું કે, આગામી સમયમાં પુડુંચેરીમાં વિધાનસભા ચૂંટણી માટે તારીખની જાહેરાત કરવામાં આવશે એવી આશા છે. જે મુજબ આચાર સંહિતા લાગૂ કરવામાં આવશે. આ જ અઠવાડિયામાં બહુમતી પર મતદાન પહેલા જ મુખ્યમંત્રી નારાયણસ્વામીએ રાજીનામું આપી દીધુ હતું. જેના કારણે કેન્દ્ર શાસિત પ્રદેશમાં કોંગ્રેસ સરકારે સત્તા ગુમાવી હતી. મુખ્યમંત્રી નારાયણસ્વામીએ તેમની સરકાર પાડવા માટે બીજેપી અને એઆઈએડીએમકે પર કાંવતરુ રચ્યુ હોવાના આરોપ લગાવ્યા હતા.

### જામ થાય તો

● અનુસંધાન પહેલાનું ચાલુ

પ્લાઝાની દરેક લેન પર ટોલ લેવાની કેબિનથી એક નિશ્ચિત અંતરે એક અલગ રંગની લાઈન બનાવાશે. જો ટ્રાફિક જામ થવા માંડ્યો અને ગાડીઓની કતાર આ લાઈન સુધી પહોંચી ગઈ તો તે લેનમાં ઉભેલી તમામ ગાડીઓને ટોલ ટેક્સ ચુકવ્યા વગર જવા દેવામાં આવશે.

ટ્રાન્સપોર્ટ મિનિસ્ટ્રીને સતત એવા રિપોર્ટ મળી રહ્યા છે કે, ફાસ્ટેગના ઉપયોગ પછી પણ ટોલ પ્લાઝાઓ પર જામ લાગી રહ્યો છે.એ પછી તમામ ટોલ પ્લાઝાનુ મોનિટરિંગ શરુ કરવામાં આવ્યુ છે.બીજી તરફ સરકારે વાયદો કર્યો છે કે, ફાસ્ટેગ લાગુ થયા બાદ લોકોને ટોલ પ્લાઝા પર જામનો સામનો નહીં કરવો પડે.

ટોલ પ્લાઝાનુ મોનિટરિંગ કરી રહેલી ટીમનુ કહેવુ છે કે, ફાસ્ટેગનો ઉપયોગ ૯૦ ટકા સુધી પહોંચી ગયો છે ત્યારે હવે ટોલ પ્લાઝા પર થતા જામ માટે કોઈ બહાનુ આપી શકાય તેમ નથી.

નવી યોજના પ્રમાણે ટોલ પ્લાઝાથી કેટલા અંતરે લાઈન બનાવવી તેનુ ધારાધોરણ દરેક ટોલ પ્લાઝા પ્રમાણે અલગ અલગ રહેશે.આ માટે જે તે ટોલ પ્લાઝાના ટ્રાફિક ફ્લો અને ત્યાં કેટલી લેન છે તેની સંખ્યાને ગણતરીમાં લેવામાં આવશે.